# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## પ્રકાશન સમિતિની ૨૦મી બેઠકની કાર્યનોંધ

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની પ્રકાશન સમિતિની ૨૦મી બેઠક કરવા અંગે માન.કા.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશ અનુસાર આ કમિટીની બેઠકનું આયોજન તા.૨૩/૦૫/૨૦૨૩નાં રોજ બપોરે ૩:૦૦ કલાકે માન.કા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સુધર્મા હોલમાં Online/Offline એમ બંને મોડમાં કરવામાં આવેલ હતું. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

(૧) પ્રો. (ડૉ.) લલિતકુમાર એ.પટેલ, માન.કા.કુલપતિશ્રી
(૨) ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા
(૩) ડૉ. દશરથ જાદવ
(૪) શ્રી ભાવસિંહ બારડ
(૫) પ્રો. વિનોદ કુમાર ઝા
(૬) ડૉ. આશા માઢક
(૭) ડૉ. જીગર ભટ્ટ
(૮) ડૉ. વિદુષી બોલ્લા
(૯) ડૉ. કાર્તિક પંડ્યા

બેઠકની શરૂઆતમાં ડૉ. કાર્તિક પંડ્યા દ્વારા સમિતિના તમામ સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ, કરેલ કામગીરીનો અહેવાલ ક્રમ નં. (૧) થી (૧૩) પ્રસ્તુત કરીને તેની બહાલી મેળવી. અંતે, માન.કા.કુલપતિશ્રીની સહમતિ મેળવી નિયત કરેલા એજન્ડા રજૂ કરેલા હતાં. એજન્ડા મુજબ દરેક વિષય પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરી નીચે મુજબનાં નિર્ણય/ભલામણ કરવામાં આવેલ છે.

(૧) પ્રો. ડી.એન.પાંડેય અને પ્રો.(ડૉ.) લલિતકુમાર પટેલ દ્વારા રચિત-સંપાદિત અને પ્રકાશનાર્થે આવેલ ગ્રંથ अभिनवशोधप्रविधिः યુનિવર્સિટી નિયમાનુસાર હાર્ડકોપીમાં અને ૫૦૦ નકલમાં પ્રકાશિત કરવા પ્રકાશન સમિતિ ભલામણ કરે છે.

(૨) ડૉ. જીગર ભટ્ટ દ્વારા સંપાદિત અને પ્રકાશનાર્થે આવેલ ગ્રંથ नाट्यसप्तर्षिकम् યુનિવર્સિટી નિયમાનુસાર હાર્ડકોપીમાં અને ૫૦૦ નકલમાં પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે.

(૩) શ્રી કર્મેશ ભટ્ટ દ્વારા રચિત-સંપાદિત અને પ્રકાશનાર્થે આવેલ ગ્રંથ शिवपूजाप्रकाशः યુનિવર્સિટી નિયમાનુસાર E-Book સ્વરૂપે પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે.

(૪) ડૉ. ખગેંદ્ર પાત્ર (ઓડિશા) દ્વારા સંપાદિત અને પ્રકાશનાર્થે આવેલ ગ્રંથ गौरकृष्णोदयम् of Govind Mishra યુનિવર્સિટી નિયમાનુસાર E-Book સ્વરૂપે પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે.

(૫) ડૉ. નિત્યાનંદ ઓઝા દ્વારા સંપાદિત અને પ્રકાશનાર્થે આવેલ ગ્રંથ वाक्यार्थज्योतिः-५ યુનિવર્સિટી નિયમાનુસાર હાર્ડકોપીમાં અને ૫૦૦ નકલમાં પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે.

(૬) યુનિવર્સિટી ગ્રંથ પ્રકાશનોની MRP ઘ[illegible] સ્થાને ૫૦૦ નકલમાં ગ્રંથ પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

Scanned with CamScanner

(૭) शोधज्योतिः अङ्क:-૫થી તમામ અંકમાં મહત્તમ ૨૫ લેખો અને તે પણ ૨૦૦ થી ૨૫૦ પૃષ્ઠ સંખ્યામાં પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે. જે તે અંક માટે ૨૫થી વધુ સંશોધન લેખો પ્રકાશન યોગ્ય હોય તેવા કિસ્સામાં ૨૬થી અન્ય લેખો તેના પછીના અંક માટે સુરક્ષિત રાખવા સમિતિ ભલામણ કરે છે.

**મહાનુભાવોનાં સૂચનો -**

(૮) યુનિવર્સિટી ખાતે લેખક/સંપાદક કે સંસ્થાનું પુસ્તક પ્રકાશન અર્થે આવે ત્યારે પ્રકાશન વિભાગ તે પ્રકાશન સમિતિમાં મુકવા માટે મંજૂરી મેળવશે. અને મંજૂરી મળે તો પ્રકાશન સમિતિમાં પ્રકાશન અર્થે લેવા માટે ચર્ચા કરી યોગ્ય લાગે અને યુનિવર્સિટીના ક્રાઇટએરીયામાં આવે તો તેનું E-Book કે Hardcopyમાં પ્રકાશન કરવા નિર્ણય કરશે. પ્રકાશન વિભાગ ગમે તે બુકને પ્રકાશન અર્થે સમિતિમાં મુકે ત્યારે તે સંબધિત થનાર કુલ ખર્ચની અંદાજીત રકમ મૂકશે. Publication Regulationsમાં સુધારો કરી પ્રકાશન સમિતિની મંજૂરી મળ્યાં બાદ આવેલ ગ્રંથ સમીક્ષા અર્થે મોકલીને પ્રકાશનની અગ્રિમ કામગીરી કરવા સમિતિ ભલામણ કરે છે.

(૯) Proceeding Volumeમાં પ્રકાશિત અને शोधज्योतिःમાં પ્રકાશિત લેખોના લેખકોને તેમના પ્રકાશનની Softcopy (PDF) માત્ર આપવી અને Hardcopy આપવી નહીં. તેઓ ઇચ્છે તો Hardcopy સ્વતંત્ર રીતે ખરીદી શકે એમ સમિતિ ભલામણ કરે છે.

(૧૦) દર બે મહિને પ્રકાશન સમિતિની બેઠકનું આયોજન કરવા સમિતિ ભલામણ કરે છે.

(૧૧) આવેલ ગ્રંથની પ્રકાશનની સમીક્ષા હેતુ તેના Criteria/Specifications પણ પ્રકાશન સમિતિ તેની અગ્રિમ બેઠકમાં બનાવશે એમ ભલામણ કરે છે.

(૧૨) જે તે ગ્રંથના સંપાદક/લેખક/અનુવાદક એક હોય તો તેમના ગ્રંથની ૫ નકલો આપવા સમિતિ ભલામણ કરે છે. એકથી વધુ સંપાદક/લેખક/અનુવાદક હોય તવા કિસ્સામાં ૧૦ નકલો આપવા સમિતિ ભલામણ કરે છે.

(૧૩) शोधज्योतिःના લેખોની સમીક્ષા કરનાર સમીક્ષકશ્રીઓને ૧ થી૧૦ સંશોધન લેખોની સમીક્ષા હેતુ Rs.1000/- પુરસ્કાર ચૂકવવા તેમજ ૧૦થી વધતાં પ્રત્યેક લેખ દીઠ Rs.100/- પુરસ્કાર ચૂકવવા સમિતિ ભલામણ કરે છે.

**અધ્યક્ષશ્રીનાં સૂચનો -**

(૧૪) शास्त्रपरिचायिका ગ્રંથ અને शोधज्योतिः अङ्क:-૫થી પ્રત્યેક અંકની MRP યુનિવર્સિટીની Price Fixation Policy અનુસાર રાખવા અને નિયમાનુસાર Discount આપવા સમિતિ ભલામણ કરે છે. Discount પોલીસી પ્રમાણે વ્યવસ્થા થાય તો જ અન્ય સંસ્થાઓ તેની ખરીદી કરી શકશે તે માટે પણ અન્ય ગ્રંથોની જેમ જ MRP પોલીસી રાખવા ભલામણ છે.

બેઠકના અંતે સંશોધન અધિકારીશ્રીએ તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ કરેલ હતી.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY
VERAVAL

(ડૉ.કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી

Scanned with CamScanner